# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #4

Lexia ENGLISH™ LANGUAGE DEVELOPMENT

તમારા બાળક સાથે તમારા ઘરની ભાષા(ઓ)માં વાત કરવી અને તમારી સંસ્કૃતિ તથા અનુભવો તેમની સાથે વહેંચવાથી તેમને અંગ્રેજી શીખવાનું વધુ દ્રઢ બનાવવામાં મદદ મળી શકે. આ આનંદમય રમતો અને પ્રવૃત્તિઓને તેમના એકંદર ભાષાકીય વિકાસને ટેકો આપવા માટે કોઈપણ ભાષામાં ઉપયોગમાં લો.

## કામ પહેલાં પૂરું કરવું

1. એકપછી એક વારામાં આ પ્રશ્નો પૂછો:
   - **તમે એક પુસ્તક વાંચવાનું પસંદ કરશો કે ટીવી જોવું?**
   - **તમે ખરીદી કરવા જવાનું પસંદ કરશો કે પાર્કમાં જવાનું?**
   - **તમે સંગીત સાંભળવું પસંદ કરશો કે વિડીયો જોવાનું?**
   - **તમને ઉડવાનું ગમશે કે અનોખી ઝડપ ધરાવવી ગમશે?**
   - **તમને દરિયો ખેડવાનું ગમશે કે પહાડો ખૂંદવાનું?**
   - **તમને એક પાંડા સાથે રમવાનું ગમશે કે એક સિંહ સાથે?**
2. એક ખેલાડીને 30 સેકન્ડમાં શક્ય તેટલા વધારે પ્રશ્નોનો જવાબ આપવા કહો.
3. ખેલાડીઓએ પ્રશ્નનો જવાબ પૂરાં વાક્યમાં આપવો જોઈએ.

**ઉદાહરણ:**
તમે દરિયામાં તરવાનું પસંદ કરશો કે પછી એક પૂલ (તરણકુંડ)માં?
હું દરિયામાં તરવાનું પસંદ કરીશ.

હવે પછીના વખતે, તમારા પોતાના પ્રશ્નોનો સેટ તૈયાર કરો!

## કાર્ડ ટૉક

1. નીચે મુજબના સૂચકોનો ઉપયોગ કરીને કાર્ડનો એક સેટ (સંપુટ) બનાવો.
2. બધા કાર્ડને ઊંધા રાખી એક ચોડ (થપ્પી)માં મૂકો.
3. પહેલા ખેલાડીએ થપ્પીમાંથી એક કાર્ડ પસંદ કરવાનું, સૂચન વાંચવાનું હોય છે, અને તેનો જવાબ આપવા માટે બીજા એક ખેલાડીને પસંદ કરવાનો હોય છે.
4. બધા કાર્ડ પતી ન જાય ત્યાં સુધી રમત ચાલતી રાખો.

સૂચકો:
- આવતા અઠવાડિયે _____ શું કરી રહ્યાં છે?
- મધમાખી અને ચામાચિડિયામાં શું સમાનતા છે?
- શું ઓગણીસમી સદી (1800 વાળા વર્ષો)માં લોકો કાર ચલાવતા હતા?
- શું શોધ કરનારાઓ એકબીજાના વિચારો પર આગળ વધતા હોય છે?
- કોઈ આકાર રૉમ્બસ (સમબાજચતુષ્કોણ) છે કે, ક્વોડ્રિલેટ્રલ (ચતુષ્કોણ) છે, અથવા ત્રિકોણ છે તે તમે કેવી રીતે જાણી શકો?
- તમે ઘોડા વિશે વાંચવાનું પસંદ કરશો કે જિરાફ વિશે?

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો. આવતી વખતે, અલગ સૂચનો સાથેના કાર્ડનો એક નવો સેટ બનાવો!

## વાત જણાવો

તમે, પરિવારના કોઈ સભ્ય, અથવા કોઈ મિત્ર અન્ય કોઈ જગ્યાએ રહેવા ગયા હોય (સ્થળાંતર કર્યું હોય) તે સમય વિશે તમારા બાળક સાથે વાત કરો. તમારા બાળકને તે સ્થળાંતર વિશે વધુ જાણવા માટે તેમની સાથે વાતચીત કરવામાં મદદ કરો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત પ્રશ્નોનો ઉપયોગ કરો:



- **તમે _____ થી _____ ક્યારે સ્થળાંતર કર્યું?**
- **_____ અને _____ કેવી સમાનતા ધરાવે છે?**
- **_____ અને _____ કેવી ભિન્નિતા ધરાવે છે?**
- **_____ ને શું થયું તેની સમજૂતી આપો.**

હવે પછીના વખતે, ભવિષ્યની કોઈ સફર કે સ્થળાંતર વિશે વાત કરો!

Lexia® © 2024 Lexia, a Cambium Learning Group company.

# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #4

## તેનો અભિનય કરો

1. સૂચિમાંથી એક પ્રવૃત્તિ પસંદ કરો:
   - **રમત રમવી**
   - **ફિલ્મ જોવા અથવા કોન્સર્ટમાં જવું**
   - **મિત્ર અથવા પરિવારના સભ્યની મુલાકાત લેવી**
   - **કોઈ ઉત્સવમાં ભાગ લેવો**
   - **ડૉક્ટર પાસે જવું**
   - **ખરીદી કરવા જવું**
2. એક ખેલાડી પાસે તેનો અભિનય કરાવો.
3. અન્ય ખેલાડીઓએ પૂરાં વાક્યોનો ઉપયોગ કરીને પ્રવૃત્તિ શું છે તે અંદાજો મેળવવા માટે વારાફરતી પ્રયાસ કરવાનો હોય છે.

**ઉદાહરણ:**

સારા આવતા અઠવાડિયે શું કરી રહી છે? તે આવતા અઠવાડિયે ડૉક્ટર પાસે જવાની છે.

હવે પછીના વખતે, તમે આવતા મહિને અથવા આવતા વર્ષે શું કરશો તે વિશે વાત કરો!

## આઇ સ્પાય (મારી નજરમાં કંઈક છે)

Gબહાર જાઓ અને શરુઆત કરવા માટે એક ખેલાડી પસંદ કરો. તે ખેલાડી ચૂપચાપ એક વસ્તુ અથવા પ્રાણી પસંદ કરે છે જે દરેકને દેખાતી/દેખાતું હોય અને તેને **વર્ણવતી** કડીઓ (મદદ કરતા શબ્દો) આપે છે. અન્ય ખેલાડીઓએ તે વસ્તુ અથવા પ્રાણી શું છે તેનું અનુમાન કરે છે.

વર્ણવવાની બાબતો:

**રંગ** **આકાર** **સ્થિતિ**

**બહારની સપાટીની છાપ** **સ્થાન** **કદ**


**લાક્ષણિકતાઓ**

**ઉદાહરણ:**

મને કંઈક રુંવાટીવાળું દેખાય છે.

મને કંઈક ચાર પગવાળું દેખાય છે.

મને ઝાડ ઉપર રહેતું હોય તેવું કંઈક દેખાય છે.




## ધ્વનિ વડે આનંદ

શબ્દો ધ્વનિના બનેલા હોય છે. તમે જે શબ્દો જાણતા હોવ તે વિવિધ ધ્વનિઓના બનેલા હોય છે તેમના વિશે વિચારો.

1. તમારી આસપાસનો એક આકાર પસંદ કરો.
2. તમારા બાળકને તે આકાર જણાવો.
3. તે શબ્દને ધ્વનિને આધારે ભાગમાં વહેંચો.
4. તમારા બાળકને તેણે જે સૌથી પહેલા અને છેલ્લે સાંભળેલા ધ્વનિ જણાવવા કહો.

**ઉદાહરણ:** આ એક સમચતુર્ભુજ છે. ધ્વનિઓ આ પ્રમાણે છે: /સ/ /મ/ /ચ/ /ત/ /ભ/ /જ/. પહેલો ધ્વનિ છે /સ/. છેલ્લો ધ્વનિ છે /જ/.



## સુપર સોર્ટ

1. દરેક ખેલાડીને બે પ્રાણીઓ પસંદ કરવા અથવા દોરવા માટે કહો.
2. દરેક ખેલાડીએ પ્રાણીઓની સરખામણી પૂરાં વાક્યમાં કરવી જોઈએ:
3. ત્યારબાદ, ખેલાડીઓએ તેમના પસંદ કરેલા પ્રાણીઓમાંથી એકની અદલાબદલી બીજા એક ખેલાડી સાથે કરવાની હોય છે અને બધાનો વારો આવી જાય ત્યાં સુધી રમત ચાલુ રાખવાની હોય છે.


**ઉદાહરણ:**

ઊડતાં કીટકો અને ચામાચડિયાં એકબીજાને મળતાં આવે છે કારણ કે બંનેને પાંખો હોય છે.

હવે પછીના વખતે, આમની સરખામણી કરો:

**દેશો** **ફળો** **ફૂલો**

**રમતો** **વાહનો** **ઋતુઓ**



© 2024 Lexia, a Cambium Learning Group company.